# મોડાસા નવા બસ મથક પાસે ખાનગી વાહનોના અડીંગા

## ટ્રાફીક અને ટી.આર.બી. પોલીસ લાચાર : મોટાભાગના વાહનો સાથે ખાખી વર્દીને સંબંધ

મોડાસા તા.૦૮

મોડાસામાં કરોડોના ખર્ચે બની રહેલા નવા બસ મથક આગળ ખાનગી વાહનોના અડીંગા જોવા મળી રહ્યા છે. બેરોકટોક ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને વાહનો દોડતાં હોવા છતાં ટ્રાફીક અને ટી.આર.બી. પોલીસ લાચારની ભૂમિકામાં જોવા મળી છે. લોકવાયકા મુજબ મોટાભાગના વાહનો સાથે ખાખી વર્દીને સબંધ છે. ત્યારે પોલીસ વડાએ પણ કાયદો સૌના માટે સરખો..નો સત્વરે અમલ કરાવવો પડશે.

રાજ્યની એસ.ટી. બસોની આવક ઘટવા લાગી છે તેની સામે ખાનગી વાહનોમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરીને વાહનો દોડી રહ્યાં છે. દરરોજ હજારો મુસાફરોની જીંદગી સામે જોખમ ઉભું થતું હોવા છતાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાના દેખીતા આંખ મિચામણાંના કારણે ભિલોડા અને વિજયનગર જેવી મોટી હોનારતો સર્જાવવાનો ભય હાવિ થયો છે. બપોરે ૧૨ વાગે એટલે ટ્રાફીક અને ટી.આર.બી. જવાનો અદ્રશ્ય થઈ જાય છે. સમી સાંજે લટાર મારવા નિકળ્યા હોય તેમ ક્યાંક ખૂણે ખાંચરે ઉભેલા જોવા મળતા હોય છે. પોલીસની દેખીતી નબળાઈ કે પછી અન્ય આર્થિક હિતના કારણે એસ.ટી.ની આવકને સમગ્ર ડીવીઝનમાં દૈનિક રૂ.૧ લાખથી વધુનું નુકસાન થઈ રહ્યું છે. વાહનો રોડ ઉપર પાર્ક કરી મુસાફરોને ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે. જ્યારે અન્ય અજાણ્યો વાહન ચાલક કોઈ મુસાફરને બેસાડે તો રીતસરની લુખ્ખી દાદાગીરી ઉપર કેટલાક વાહન ચાલકો આવી જતા હોવા છતાં નજીકમાં ઉભેલી પોલીસ માત્ર મરક..મરક હસતી જોવા મળે છે. રેન્જ આઈ.જી. દ્વારા અરવલ્લીના વડા મથક મોડાસામાં ખાનગી વાહન ચાલકો સાથે ભળી જઈને પોલીસ દ્વારા થઈ રહેલી મીલીભગતનો પર્દાફાશ કરવાનો સમય પાકી ગયો છે અન્યથા સામાન્ય પણ લાપરવાહી નિર્દોષ મુસાફરોને મોતના મુખમાં ધકેલવા પૂરતી છે.



# જીવલેણ ડેન્ગ્યુ : બાયડમાં ડેન્ગ્યુથી વિદ્યાર્થીનું મોત, ૧૦૦ થી વધુ શંકાસ્પદ કેસ

## હોસ્પિટલોમાં ઉભરાતા દર્દીઓ, આરોગ્ય તંત્રની સબસલામતની આલબેલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ તાલુકામાં ડેન્ગ્યુ જીવલેણ બની રહ્યો છે. સુંદરપુરાના ધો.૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધ્યાન વિમલભાઈ પટેલનું ડેન્ગ્યુના કારણે મોત નિપજતાં તાલુકામાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુ ૨ લોકોને ભરખી ગયો છે. ૧૦૦ થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ હોવાનું ખાનગી સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. પાછલા એક સપ્તાહથી બાયડ તથા આસપાસની ખાનગી હોસ્પિટલો અને દવાખાના દર્દીઓથી ઉભરાતા હોવા છતાં આરોગ્ય તંત્ર સબસલામતની આલબેલ પોકારવામાં વ્યસ્ત છે.

૧ મહિના પહેલાં ખાનગી ડૉક્ટરોએ બાયડ તાલુકામાં વધતા મચ્છરોના ઉપદ્રવને અંકુશમાં રાખવામાં નહીં આવે તો મોટી મહામારીની આશંકા વ્યક્ત કરી હતી. તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં રહ્યું અને તેનાં ગંભીર પરિણામો નજર સમક્ષ આવીને ઉભાં છે. જિલ્લાના બાયડ, સાઠંબા, આંબલિયારા, ઉંટરડા, વાસણી, ગાબટ, વસાદરા સહિતના અનેક વિસ્તારોમાં મચ્છરજન્ય રોગચાળાએ હાહાકાર મચાવવાની શરૂઆત કરી છે. કેટલાક ફળીયાઓમાં તો ઘેર..ઘેર માંદગીના ખાટલા ઢળાયા છે. એક પછી એક પરિવારના સભ્યો બિમાર થતાં અનેક ખેડૂત પરિવારો દવાના ખર્ચમાં બેહાલ થઈ ગયા છે. વરસાદની અછત ખેડૂતોને વધુ ને વધુ અધમૂવા કરી રહી છે. બાકી હતું તે હવે આરોગ્ય વિભાગે મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે લોકો દેખે તે રીતે કોઈ કામગીરી કરી નથી જેના કારણે નિર્દોષ લોકો મચ્છરજન્ય રોગચાળાના ભરડામાં આવી હવે મોતનો ખેલ શરૂ થયો છે. સુંદરપુરામાં એડિસ મચ્છરોના કારણે ડેન્ગ્યુનો રોગચાળો વધુ વકરવાની દહેશત છે. ૧૮ વર્ષના વિદ્યાર્થીના મોત પછી આરોગ્ય તંત્ર યોગ્ય તકેદારી નહીં રાખે તો ગામમાં આસ્થાના પ્રતિક રામજી મંદિરમાં દર મહિને હજારો શ્રદ્ધાળુઓ આવતા હોય છે અને તેમને એડિસ મચ્છરો ડંખ મારશે તો અનેક ગામોમાં ડેન્ગ્યુનો રોગચાળો મોટી આફત નોંતરે તેવી સંભાવના છે.

### બાયડમાં જ ૯૦ થી વધુ ડેન્ગ્યુના કેસ

બાયડમાં જનરલ પ્રેક્ટીસ કરતા ડૉક્ટરના જણાવ્યા અનુસાર બાયડના સોસાયટી વિસ્તારો, ઝૂંપડપટ્ટી વિસ્તાર અને મહોલ્લાઓમાં પાછલા ૨૦ દિવસ દરમ્યાન ૯૦ થી વધુ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ હોવાનું જણાવ્યું છે. બાયડમાં સ્થિતિ વધુ વિસ્ફોટક બને તે અગાઉ તંત્રએ અસરકારક દવાઓનો છંટકાવ કરવો પડશે તેમ જણાવ્યું છે.

# બનાસકાંઠાના પાંચ તાલુકામાં વરસાદ, ૯ તાલુકામાં નીલ

પાલનપુર

બનાસકાંઠામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદી માહોલ સર્જાયો છે. જેમાં બનાસકાંઠાના ૫ તાલુકામાં વરસાદ નોંધાયો હતો.અને ૯ તાલુકા કોરા ધાકોર રહ્યા હતા.

બનાસકાંઠામાં લાંબા સમયથી વરસાદ ન થતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા.અને ખેડૂતો પોતાના ખેતરમાં વાવણી કરેલા મોંઘા બિયારણો પણ પુરતા પાણીના અભાવે સુકાઈ જવાની ભિતી હતી.પરંતુ છેલ્લા એક અઠવાડીયાથી સાર્વત્રિક વરસાદ થઈ રહ્યો છે.જેથી ખેડૂતોના પાકોને જીવનદાન મળી ગયુ છે.તેમજ સારો વરસાદ થવાની ખેડૂતોને આશા બંધાઈ છે.જેમાં બનાસકાંઠામાં મંગળવારે પડેલા વરસાદની અમીરગઢમાં-૧,ડીસા-૧૨,દાંતીવાડા-૯,ધાનેરા-૧૨ અને પાલનપુરમાં ૮ એમ.એમ વરસાદ નોંધાયો છે.તેમજ ૯ તાલુકાઓ કોરા ધાકોર હોવાનું ડિઝાસ્ટર વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ.

# અંબાજીની પદયાત્રા : જિલ્લામાં સેવા કેમ્પો બંધ રહેતાં પદયાત્રા કઠીન

## માર્ગમાં મુશ્કેલીઓ છતાં પદયાત્રીઓમાં અદમ્ય ઉત્સાહ

બાયડ તા.૦૮

અંબાજીના ભાદરવી પુનમના મેળાને આડે દોઢ સપ્તાહ બાકી રહ્યું હોવા છતાં મંજૂરી મુદ્દે સરકારનું મૌન અકળાવનારૂ બની રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે પણ સેવા કેમ્પો બંધ હોવાના કારણે જિલ્લાના માર્ગો ઉપરથી જતા પદયાત્રીઓની યાત્રા કઠીન બની છે. માર્ગમાં અનેક મુશ્કેલીઓ છતાં પદયાત્રીઓ અદમ્ય ઉત્સાહ સાથે આગળ વધી રહ્યા છે. અંબાજીને જોડતા જિલ્લાના માર્ગો ઉપર સેવાભાવિ સંસ્થાઓ દ્વારા તમામ પ્રકારની સુવિધા સાથેના કેમ્પ ખોલવામાં આવતા હતા જેથી અન્ય જિલ્લાના પદયાત્રીઓને ખાસ્સી રાહત થતી હતી પરંતુ કોરોના ગ્રહણના કારણે સેવા કેમ્પો બંધ રહેતાં માં અંબાના ભક્તોની કસોટી થઈ રહી છે.

જગવિખ્યાત અંબાજીના ભાદરવી પુનમના મેળાને મંજૂરી આપવામાં આવશે કે કેમ..?? તે અંગે સરકાર તરફથી કોઈ જાહેરાત ન થતાં પદયાત્રામાં ખડે પગે સેવા માટે તૈયાર રહેતા સેવા કેમ્પો ખોલવામાં અસમંજસની સ્થિતિ ઉભી થઈ છે. સેવા કેમ્પો આ વર્ષે પણ ચાલુ થયા ન હોવા છતાં અન્ય જિલ્લાના પદયાત્રીઓએ અંબાજી તરફ પ્રયાણ કર્યુ છે. માં અંબાના રથ સાથે પદયાત્રીઓ બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે આગળ વધી રહ્યા છે. જેમાં સેવા કેમ્પોના અભાવે અનેક મુશ્કેલીઓ સામે આવી રહી છે. કોરોનાના કારણે આ વર્ષે પણ સરકારે હજુ સુધી મહામેળો યોજવાની કોઈ સૂચના આપી નથી જેના કારણે અંબાજીને જોડતા માર્ગો ઉપર પદયાત્રીઓની સેવા માટે તૈયાર રહેતા સેવા કેમ્પો ક્યાંય જોવા મળતા નથી. યાત્રા દરમ્યાન વરસાદનું સતત વિઘ્ન પદયાત્રીઓને નડી રહ્યું છે અને માર્ગ ઉપર ભોજન તેમજ પીવાના પાણીની અનેક મુશ્કેલીઓ છતાં અંબાજીને જોડતા માર્ગો ઉપર પદયાત્રીઓનો ધસમસતો પ્રવાહ વધતાં સરકારે વહેલી તકે સેવા કેમ્પો શરૂ કરવા માટે જાહેરાત કરવી જોઈએ તેવું આમ પ્રજા બોલી રહી છે.



# દહેગામ નજીક અકસ્માત

# બાયડના કારમાં ભડથું થયેલ ડૉક્ટર દંપતિનો ૪૭.૨૫ લાખનો વિમા દાવો મંજૂર

હિંમતનગર તા.૦૮

બાયડના જાણીતા ગાયનેક દંપતિ ડૉ.મયૂરભાઈ શાહ અને પ્રેરણાબેન શાહનું કાર-ટ્રકની ટક્કર પછી કારમાં આગ ફાટી નિકળતાં ડૉક્ટર દંપતિ આગમાં ભડથું થઈ ગયા હતા. બાયડના વિમા એજન્ટ જીતુભાઈ ડી. પટેલે ઈફકો ટોકીયો જનરલ ઈન્સ્યુરન્સની રૂ.૩૫ લાખની સંયુક્ત વિમા અકસ્માત પોલીસી લીધી હતી. ડૉક્ટર દંપતિના મોત પછી ક્લેઈમ સત્વરે ચૂકવાય તે માટે એજન્ટ દ્વારા પ્રયાસ થતાં તાજેતરમાં જ રૂ.૪૭,૨૫,૦૦૦ની રકમનો દાવો મંજૂર કરી મૃતકના પુત્ર ડૉ.હિમીલ મયુરભાઈ શાહને ચેક આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે તા.૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ ના રોજ મતદાન યોજાયું હતું. બાયડની સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૧માં રહેતા ડૉ.મયૂરભાઈ એમ. શાહ અને ડૉ.પ્રેરણાબેન એમ. શાહ સામાજીક કામ અર્થે અગાઉના દિવસે અમદાવાદ ગયા હતા. વોર્ડ-૧ માં તેમના મત હતા અને સમયસર મતદાન કરવા માટે અમદાવાદથી કાર લઈ બાયડ તરફ આવી રહ્યા હતા ત્યારે બાયડ-દહેગામ રોડ ઉપર લીહોડા ગામ પાસે પૂરઝડપે આવતી ટ્રકે કારને ટક્કર માર્યા પછી કારમાં એકાએક આગ ફાટી નિકળતાં ડૉક્ટર દંપતિ આગમાં ભડથું થઈ જતાં બાયડ સહિત અરવલ્લી જિલ્લામાં માતમ છવાયો હતો. મૃતક ડૉક્ટર દંપતિનો બાયડના વિમા એજન્ટ જીતુભાઈ ડી. પટેલ દ્વારા સંયુક્ત અકસ્માત વિમા પોલીસી લેવામાં આવી હતી અને તેઓએ મૃતકના પુત્ર ડૉ.હિમીલ શાહને આ અંગે જાણકારી આપી વિમા રકમનો દાવો મંજૂર કરવા માટે કંપનીમાં જાણ કરી હતી. તાબડતોબ કંપનીએ રૂ.૪૭.૨૫ લાખની રકમનો દાવો મંજૂર કર્યો છે. વિમા એજન્ટની કામગીરીની સૌએ પ્રસંશા કરી હતી.



**ધાનેરા ધાનેરામાં જુનું રેલવે બ્રિજ તોડી પાડયા હતા, ફરીવાર ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ**

રેલવે ઓવરબ્રિજ થી ભારે ટ્રાફિક સર્જાતું હતું હતું પરંતુ તે બાદ ધાનેરામાં નવો રેલવે બ્રિજ બનાવવામાં આવ્યો હતો ત્યારે રેલવે બ્રિજ બની જતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ક્યાંક ને ક્યાંક ટ્રાફિક થી છુટકારો મળે તેવી લોકોની આશા પણ બંધ થઈ હતી. નવો રેલવે બ્રિજથી શરૂ કરી દેવામાં આવ્યો છે અને જૂના રેલવે બ્રિજ તોડી પડાતા ફરીવાર ટ્રાફીકની સમસ્યા સર્જાય છે પહેલા અગ્રવાલ ત્રણ રસ્તા જોડે ટ્રાફિક સર્જાતું હતું તો તે બાદ હવે મુરલીના ગલ્લા પાસે પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે જેથી કરીને વાહન ચાલકોમાં પણ નારાજગી જોવા મળી રહી છે ત્યારે ધાનેરા વાસીઓ તેમ જ વાહનચાલકોની માંગ છે કે કાયમી ધોરણે ટ્રાફિકનું નિરાકરણ આવે તેવો ઉકેલ કરવામાં આવે.

# હીરાપુર ફીડર હેઠળના ખેતરમાં રહેતા ૫૦ પરિવારોને સીંગલફેઝ વીજળી મળતી નથી

ધનસુરા તાલુકાના હીરાપુર એજી ફીડર હેઠળ ખેતરમાં વસવાટ કરતા ૫૦ જેટલા પરિવારોને સીંગલ ફેઝ વીજળી મળતી ન હોવાથી પરિવારો ચોમાસામાં હાલાકી ભોગવી રહ્યા છે. વીજળીના અભાવે સીમાડાઓમાં અનેક મુશ્કેલીઓ સહન કરવાનો વારો આવ્યો છે છતાં ઉચ્ચ અધિકારીઓ આ પરિવારોની ફરિયાદ સાંભળવા માટે તૈયાર નથી જેથી વીજળી મુદ્દે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થવાના ભણકારા સંભળાય છે. ધનસુરા સબ ડીવીઝનના અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવા છતાં હીરાપુર, કરોલી, ચોગામડા, ખેડા, પોયડા, સોનીકકંપા અને ઉજળેશ્વર સહિતના વિસ્તારોમાં ખેતરમાં વસવાટ કરતા રહીશોને સીંગલ ફેઝ વીજળી ન મળતાં રોષ વ્યાપ્યો છે.

સરકાર જ્યોતિગ્રામ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪ કલાક વીજળી અપાતી હોવાના દાવા કરે છે. ખાસ કરીને ખેતરોમાં વસવાટ કરતા પરિવારોને પૂરતા પ્રમાણમાં વિજ પુરવઠો મળતો ન હોવાથી રાત્રે જંગલી પ્રાણીઓનો ભય તેમજ બાળકોનું શિક્ષણ કથળી રહ્યું છે. તાલુકાના ધનસુરા સબડીવીઝન અંતર્ગત આવતા હીરાપુર ફીડરના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોમાં રહેતા પરિવારો વીજળીની સમસ્યાથી વાજ આવી ગયા છે. આ અંગે વિસ્તારના જાગૃત નાગરિક રવિ ખાંટ દ્વારા ધનસુરા સબડીવીઝનના ડેપ્યુટી ઈજનેરથી માંડી તલોદ કચેરી સુધી રજૂઆતો કરવામાં આવી હોવા છતાં વિજ તંત્રના અધિકારીઓ ફરિયાદો કાને લેતા નથી. જેથી ૫૦ જેટલા પરિવારોને વીજળી ન મળવાથી રોષે ભરાયા છે. ધનસુરાના અધિકારીઓ ફાટીને ધુમાડે ગયા હોય તે મોબાઈલ ફોન પણ રીસીવ કરતા નથી.

# આલમપુર નજીક ટેન્કર બસ ધડાકાભેર ટકરાયા

## ૩૦ થી વધુ મુસાફરોને ઈજા, ૫ ને વધુ ગંભીર ઈજા પહોંચતાં હોસ્પિટલમાં મોકલાયા

બાયડ તા.૦૮

મોડાસા-ધનસુરા સ્ટેટ હાઈવે ઉપર બુધવારે બપોરે પૂરઝડપે જતી ટેન્કર અને બસ ધડાકાભેર ટકરાઈ પડતાં કલાકો સુધી ટ્રાફીકજામ થયો હતો. એસ.ટી. બસના ૩૦ થી વધુ મુસાફરોને ઈજા પહોંચતાં મોતની કારમી ચીસો પાડી હતી. મદદે આવેલા લોકોએ ઈજાગ્રસ્તોને બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા-બાયડ-નડીયાદ હાઈવે ઉપર ટ્રાફીક વધુ વકરી રહ્યો છે. સ્ટેટ હાઈવેનો નેશનલ હાઈવેમાં સમાવેશ થયો હોવા છતાં કોઈ દર્શનિય કામગીરી જોવા મળતી નથી. સવાર થી માંડી રાત સુધી પૂરઝડપે જતા મોટા વાહનો અનેક નાના વાહન ચાલકોનો કોળીયો કરી રહ્યા છે અને હવે ટ્રાફીક વધતાં મોટા વાહનો પણ સામસામે અથડાઈ જવાની દુર્ઘટનાઓમાં વધારો થયો છે. તા.૮ના રોજ ટેન્કર અને એસ.ટી. બસ ધડાકાભેર ટકરાઈ પડતાં ચાલક કેબિનમાં ફસાઈ જતાં લોક મદદથી બચાવવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ તેની હાલત વધુ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. એસ.ટી. બસના અનેક મુસાફરોને ઈજાઓ પહોંચતાં સારવાર માટે મોડાસાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



**CHANGE NAME**

I have changed my name from SHIR KRISHNA TULSI YADAV to KRISHNA TULSI YADAV
Address : At. Po. Bayad, Ta. Bayad, Dist Arvalli, Pin. 383325

# પ્રાંતિજ ખાતે ચોરીના આરોપમાં પકડાયેલ આરોપી દ્વારા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ચોરીના આરોપમા પકડાયેલ આરોપીઓ ને પાઈપ ,લાકડીઓ વડે માર મારી શરીરે ઈજાઓ કરી ગડદાપાટુ નો માર મારી મંદિર મા પુરી દઈ ગેરકાયદેસર રીતે અટકાયત કરી બાબુભાઈ ઉર્ફે રોબટ ભોઈને ઈજાઓને લઈને શ્વાસ ચઢી બે ભાન થતા સારવાર મળે તે પહેલા મોત નિપજયુ હતુ તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ચોરી ના ગુનામા પકડાયેલ આરોપી કુણાલ રસીકભાઈ ભોઈ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે દસથી પંદર અજાણ્યા માણસોના ટોળા સામે ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી.

પ્રાંતિજના કાંઠાવાળા માતાજીના મંદિરે ગયેલ ફરિયાદી કુણાલ રસીકભાઈ ભોઈ , મહેશ ભલાભાઈ ભોઈ તથા મરણ જનાર બાબુભાઈ ઉર્ફે રમેશભાઈ ભોઈ ત્રણેય કાંઠાવાળા માતાજીના મંદિરે ગયેલ હતા તે વખતે અજાણ્યા આશરે દસથી પંદર માણસો એ ગેરકાયદેસર મંડળી બનાવી લાકડીઓ જેવા મારક હથિયારો ધારણ કરી જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબના જાહેર નામાનો ભંગ કરી ફરિયાદી કુણાલ રસીકભાઈ ભોઈ, મહેશ ભલાભાઈ ભોઈ તથા મરણ જનાર બાબુભાઈ ઉર્ફે રોબટ રમેશભાઈ ભોઈ ને તમે માતાજીના મંદિર માંથી ચાંદી ના છત્તરો ની ચોરી કેમ કરી છે તેમ કહી કુણાલ રસીકભાઈ ભોઈ, મહેશભાઈ ભોઈ અને મરણ જનાર બાબુભાઈ ઉર્ફે રોબટ રમેશભાઈ ભોઈ ને પાઈપ તથા લાકડીઓ વડે મારમારી શરીરે ઈજાઓ કરી ગડદાપાટુ નો માર મારી મંદિર મા પુરી દઈ ગેરકાયદેસર અટકાયત કરી હતી તો મરણ જનાર બાબુભાઈ ઉર્ફે રોબટ ને ઈજાઓ ના કારણે શ્વાસ ચઢી બે ભાન થતા સારવાર સારૂ દવાખાને લઈ જતા સારવાર મળે તે પહેલા મોત નિપજયુ હતુ તો આ અંગેની પોલીસ ફરીયાદ પકડાયેલ અન્ય બે આરોપી માંથી કુણાલ રસીકભાઈ ભોઈ ઉ.વર્ષ-૨૭ ધંધો રહે. પ્રાંતિજ ભોઈવાસ , કાળકા માતાજી મંદિર ના પાસે તા.પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા હાલ રહે. વિસનગર વ્હોરવાડ, ફતેહ દરવાજા ની પાસે ધાંચીવાડો, તા.વિસનગર, જિ. મહેસાણા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈએ ગુનો નોધી તપાસ હાથ ધરવામા આવી છે.